## યુનિવર્સિટીની હોકી ટ્રેનિંગમાં બંસરી સોલંકીએ માર્ગદર્શન આપ્યું



■ સુરતની અલગ-અલગ સ્કૂલમાંથી હોકી રમનાર બોયઝ અને ગર્લ્સ ખેલાડીને માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે હોકી ટીમની ગોલકીપર બંસરી સોલંકીએ ભારતની નેશનલ ગેમ એવી હોકી ફાઇવસના વર્લ્ડ કપમાં ભારતને સિલ્વર અને એશિયા કપમાં ગોલ્ડ મેડલ મળ્યો હતો તેમાં મહત્વની ભૂમિકા ભજવી સમગ્ર વિશ્વમાં નામ રોશન કર્યુ હતું. મહત્વની બાબત એ છે કે હોકી ફાઇવસ વર્લ્ડ કપ અને એશિયા કપમાં મહત્વની ભૂમિકા ભજવનાર બંસરી સુરતની દીકરી છે. (તસવીર : સતીષ જાદવ)

# કૃષિ મંત્રી રાઘવજી પટેલને બ્રેઈન સ્ટ્રોક આવ્યો રાજકોટમાં સારવાર હેઠળ, તબિયત સ્થિર

**જામનગરના** બેરાજામાં ગામે ગામ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ તબિયત લથડી હતી

ગાંધીનગરઃ ભારતીય જનતા પાર્ટી દ્વારા ગામ ચલો અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, ત્યારે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલની, જામનગર જિલ્લાના બેરાજા ગામે ગામ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ તબિયત લથડી પડી હતી અને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. તેમને જામનગરની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમને વધુ સારવારાર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

ખાનગી હોસ્પિટલમાં જ્યાં સારવાર ચાલી રહી છે, ત્યાંથી તેમના હેલ્થ બૂલેટિનમાં જણાવવામાં આવ્યું છે કે તેમને વહેલી સવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં રાઘવજી પટેલની તબિયત સ્થિર છે. રાઘવજીનું બીપી અને ડાયાબિટીસ કંટ્રોલમાં છે. રાઘવજી પટેલને રાત્રિના બ્રેઈન સ્ટ્રોક આવતા તેમને સારવાર માટે તાત્કાલિક ધોરણે જામનગરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને પ્રાથમિક તમામ સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ રાત્રિના ત્રણ વાગ્યે વધુ સારવાર માટે તેમને રાજકોટની ખાનગી હોસ્પિટલ લઈ આવવામાં આવ્યા હતા. જ્યાં તેમને ન્યુરોલોજીસ્ટની ટીમ દ્વારા આઈસીયુમાં રાખી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી.

# અંજર મલેકની હત્યાના ગુનામાં ઝડપાયેલો મુખ્ય સૂત્રધાર 5 દિવસના રિમાન્ડ પર

**અગાઉ** પકડાયેલા આરોપીઓએ કોઈના ઇશારાથી હાલના આરોપી ઇસ્માઈલ ઘોડાવાલાને સંડોવી દીધા હોવાની દલીલ કરાઈ

સુરતઃ ઓલપાડ વિસ્તારમાં અંજર મલેકની થયેલી હત્યાના ગુનામાં ઝડપાયેલા મુખ્ય સૂત્રધાર ઈસ્માઈલ ઘોડાવાલાના કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

કેસની વિગત એવી છે કે ઓલપાડના પરા મહોલ્લામાં રહેતા અંજરઅલીની પખવાડિયા પહેલા હત્યા કરવામાં આવી હતી. તે ગુનામાં આ પહેલા એક બાળ કિશોર સહિત ચાર જણાની ધરપકડ કરાઈ હતી. ત્યાર બાદ શનિવારે ઓલપાડ પોલીસે હત્યાના મુખ્ય સૂત્રધાર ઈસ્માઈલ ઘોડાવાલાની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી ઈસ્માઈલને કોર્ટમાં રજૂ કરીને 10 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. આરોપી ઈસ્માઈલ ઘોડાવાલા તરફે એડવોકેટ કલ્પેશ દેસાઈ અને ઝફર બેલાવાલાએ રિમાન્ડ અરજીનો વિરોધ કરતી દલીલો કરી હતી. તેમણે દલીલ કરી હતી કે મરણ જનાર માથાભારે ઈસમ હતો અને અગાઉ આર્મસ એક્ટ તથા બીજા ગુનાઓમાં સંડોવાયેલો હતો. હુમલો કરનાર આરોપીઓ 15 દિવસથી મરણ જનાર અંજર અલીનાઓ સાથે જ રહેતા હતા. આરોપી ઈસ્માઈલ ઘોડાવાલા સાથે મરણ જનાર અંજર અલીને કોઈ મનદુખ કે તકરાર ન હતી. અગાઉ પકડાયેલા આરોપીઓએ કોઈના ઈશારાથી હાલના આરોપી ઈસ્માઈલ ઘોડાવાલાને સંડોવી દીધો છે. ઈસ્માઈલ ઘોડાવાલાએ કોઈ સોપારી આપી નથી કે કોઈ સોપારીના રૂપિયા આપ્યા નથી. કોઈ આરોપી પાસેથી રકમની રિકવરી થયેલી નથી. મરણ જનાર અને હુમલો કરનાર ઈસમો વચ્ચે કોઈ અંગત બાબતે ઝગડો તકરાર થયેલો હોય ઉપરોક્ત બનાવ બન્યો હતો. આ રજૂઆતને અંતે કોર્ટે આરોપીના 5 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

# હોટલ રિવ્યુનો ટાસ્ક પુરો કરી કમાણીની લાલચમાં પરિણીતાએ 14.34 લાખ ગુમાવ્યા

**પહેલા** ટાસ્ક પુરો થતાં ખાતામાં 150 રૂપિયા જમા કરાવી વિશ્વાસ કેળવી લઇ ઠગાઇ કરી

સુરત : અડાજણ ખાતે હોટલ રિવ્યુનો ટાસ્ક પુરો કરી પાર્ટ ટાઈમ કમાણીના બહાને પરિણીતાએ 14.34 લાખ ગુમાવ્યા હોવાની ફરિયાદ સાયબર પોલીસમાં નોંધાઈ છે.

અડાજણ પાટીયા રત્ન રાજ-1 ખાતે રહેતી 31 વર્ષીય શ્રદ્ધાબેન અક્ષયભાઈ દોશીએ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત 9 ડિસેમ્બરે શ્રદ્ધાબેનને અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ ડીડીબી વર્લ્ડવાઈડ મીડિયામાંથી એચઆર દિવ્યા તરીકેની ઓળખ આપી હતી. અને હોટેલના રિવ્યુનો ટાસ્ક પુરો કરવાથી 150 રૂપિયા મળશે તેમ કહ્યું હતું. બાદમાં એક લીંક મોકલી હતી. બાદમાં એક ટાસ્ક આપતા તે પુરો કરતા તેમના બેંક ખાતામાં 150 રૂપિયા જમા કરાવી તેનો વિશ્વાસ કેળવ્યો હતો. અને પછી ટેલીગ્રામ આઈડી સાથે વાત કરવાનું કહીને તેમની માહિતી મેળવી હતી. અને લીંક ઓપન કરવાનું કહ્યું હતું. બાદમાં શરૂઆતમાં તેમના ખાતામાં ટાસ્કના પૈસા જમા કરાવ્યા હતા. બાદમાં ટાસ્ક પુરો નહીં કરવાના નામે અલગ અલગ બહાને ટુકડે ટુકડે 14.63 લાખ પડાવ્યા હતા. જેમાંથી 28 હજાર પરત આપી 14.34 લાખ પરત નહીં આપી છેતરપિંડી કરી હતી.

# આગામી 48 કલાક સુધી ઠંડીનો ચમકારો રહેશે, નલિયામાં 8 ડિગ્રી

ગાંધીનગર : હિમાલયની તળેટીમાં કાશમીર સહિતના રાજયમાં થયેલી બરફ વર્ષા કારણે રાજયમાં શીત લહેરની અસર વર્તાઈ રહી છે. સૌરાષ્ટ્ર - કચ્છ તથા ઉત્તર ગુજારતમાં ઠંડીનો પારો નીચે ગગડી રહ્યો છે. ફરીથી તીવ્ર ઠંડીની શરૂઆત થઈ છે. કચ્છ ઉપરાંત રાજયના અન્ય ભાગો પૈકી ઉત્તર ગુજરાતમાં પણ ઠંડી વધી છે. આજે કચ્છના નલિયામાં 8 ડિ.સે. ઠંડી નોંધાવવા પામી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજયમાં 48 કલાક માટે શીત લહેર યથાવત રહેશે, જયારે તે પછી ઠંડીમાં 2થી3 ડિગ્રીની રાહત મળશે.



અમદાવાદના એરપોર્ટ કેમ્પસમાં આવેલા હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, રાજયના અન્ય શહેરો પૈકી અમદાવાદમાં 16 ડિ.સે., ડીસામાં 12 ડિ.સે., ગાંધીનગરમાં 15 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે., વડોદરામાં 16 ડિ.સે., સુરતમાં 17 ડિ.સે., ભૂજમાં 14 ડિ.સે., નલિયામાં 8 ડિ.સે., કંડલા પોર્ટ 16., કંડલા એરપોર્ટ પર 13 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે., રાજકોટમાં 12 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 14 ડિ.સે., અને કેશોદમાં 13 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યુ હતું.

## સચીનમાં બીજા માળેથી પટકાયેલા યુવકનું મોત

સુરતઃ સચિન વિસ્તારમાં મધરાત્રે એક વાગ્યે બીજા માળેથી પટકાયેલા 30 વર્ષિય યુવકનું મોત થયું હતું. આ યુવાને આર્થિક સંકળામણથી કંટાળીને આત્મહત્યા કરી હોવાની સંભાવના પોલીસે વ્યક્ત કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ બિહારનો ઉપેન્દ્ર રામબહાદુર યાદવ(ઉ.વ.30 વર્ષ) છેલ્લા દસેક વર્ષથી સુરત અલગ-અલગ વિસ્તારમાં રહીને સંચા ખાતામાં કામ કરતો હતો. હાલમાં તે સચિન જીઆઈડીસીમાં રહેતો હતો. તે તેના મિત્ર સાથે સચિન જીઆઈડીસીમાં આવેલા તલંગપુર વિસ્તારમાં રહેતા મિત્રના ઘરે જમવા ગયા હતા. તે સમયે તે બીજા માળે ગયો હતો. ત્યાર બાદ તે બીજા માળેથી નીચે પટકાયો હતો. તે નીચે પટકાયો તે દ્રશ્ય કેમેરામાં કેદ થઇ ગયું હતું. તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો ત્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

# પાસોદરાના રત્નકલાકારે OLX પર 3200માં સાયકલ વેચવામાં 1.10 લાખ ગુમાવ્યા

**સાયકલ** ખરીદવાની તૈયારી બતાવનારા ઠગે બતાવેલી ઓનલાઈન પ્રોસેસ કરી તો રત્નકલાકારના ખાતામાંથી ટુકડે ટુકડે બેલેન્સ ઉડી ગઈ

સુરતઃ પાસોદરા ખાતે રહેતા રત્નકલાકારે ઓએલએક્સ ઉપર 3200 રૂપિયામાં સાયકલ વેચવા મુકી હતી. આ સાયકલ ખરીદવા અજાણ્યાએ ફોન કરી રત્નકલાકાર પાસેથી 1.10 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

પાસોદરા ખાતે ઓમ ટાઉનમાં રહેતો 30 વર્ષીય જેનીલ મુકેશભાઈ રાબડીયા રત્ન કલાકાર છે. બે મહિના પહેલા જેનીલે ઓએલએક્સ ઉપર તેની સાયકલ 3200 રૂપિયામાં વેચવા મુકી હતી. બે દિવસ બાદ તેને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. તે વ્યક્તિએ હિંદીમાં સાયકલ ખરીદવા માટેની વાત કરી હતી. અજાણ્યાએ ઓનલાઈન પેમેન્ટ આપવાનું કહ્યું હતું, પરંતુ જેનીલ ઓનલાઈન પેમેન્ટની પ્રોસેસ જાણતો ન હોવાથી અજાણ્યાના કહેવા મુજબ પ્રોસેસ કરી હતી.

ફોનમાં ગુગલ પે ઓપન કરાવી ક્યુઆર કોડ સ્કેન કરાવી 500 રૂપિયા નખાવ્યા હતા. અજાણ્યાએ ભૂલમાં બીજો ક્યુઆર કોડ મોકલ્યો છે કહીને ફરીથી ક્યુઆર કોડ મંગાવ્યો હતો અને તેને સ્કેન કરતા જેનીલના કોટક બેંકના ખાતામાંથી ટુકડે ટુકડે 1.10 લાખ કપાઈ ગયા હતા. સરથાણા પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# છેડતીના ગુનામાં જેલમાંથી બહાર આવી આરોપીએ યુવતીની ફરી છેડતી કરી

**'તુમને** કેસ કિયા હૈ, મે જેલ મે જાકે આયા હું, જેલ મે મર્ડર કરનેવાલે ગુંડે સે મેરી દોસ્તી હો ગઈ હૈ, ઉસકો પૈસે દેકે તેરે કો મરવા દુંગા'

સુરત : પાંડેસરામાં છેડતીના ગુનામાં જેલમાંથી જામીન મુક્ત થઈને આવેલા આરોપીએ બહાર આવીને ફરી યુવતીની છેડતી કરી હતી. યુવતીને ફોન કરીને 'વિપીન બોલ રહા હું, મે તુમસે શાદી કરના ચાહતા હું, તુમને કેસ કિયા હૈ, મે જેલ મે જાકે આયા હું, આઠ દિનમે છુટ કે આ ગયા હું, જેલ મે પાંચ દસ મર્ડર કરનેવાલે ગુંડે હે, ઉનસે મેરી દોસ્તી હો ગઈ હૈ, ઉસકો પૈસે દેકે મે તેરે કો મરવા દુંગા' તેવી ધમકી આપતા પાંડેસરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાંડેસરા ખાતે રહેતી 28 વર્ષીય યુવતી એંકર તરીકે કામ કરે છે. ત્રણેક વર્ષ પહેલા તેની ફેસબુક પ્રોફાઈલ ઉપર વિપીન શુક્લા નામની આઈડી પરથી ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી હતી. યુવતીએ આ રીકવેસ્ટ એક્સેપ્ટ નહીં કરતા વિપીને તેનો મોબાઈલ નંબર મેળવી મેસેજ અને ફોન કરવાનું ચાલુ કર્યું હતું. બાદમાં વોટ્સએપ, ઈન્ટાગ્રામ અને ફેસબુક ઉપર મેસેજ કરી તેની સાથે લગ્ન કરવા જણાવતો હતો. અને લગ્ન નહીં કરે તો મારી નાખશે તેવી ધમકી આપતો હતો. જેથી ગત 4 ડિસેમ્બર 2023 ના રોજ યુવતીએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં છેડતીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની અટક કરી જેલમાં મોકલી આપ્યો હતો. આરોપી જામીન મુક્ત થઈને ગત 26 જાન્યુઆરીએ રાત્રે યુવતીને અજાણ્યા નંબર પરથી ફોન કર્યો હતો. અને 'વિપીન બોલ રહા હું મે તુમ સે શાદી કરના ચાહતા હુ, તુમને કેસ કિયા હૈ, મે જેલ મે જાકે આયા હુ, આઠ દિનમે છુટ કે આ ગયા હુ, જેલ મે પાંચ દસ મર્ડર કરને વાલે ગુંડે હે ઉનસે મેરી દોસ્તી હો ગઈ હૈ ઉસકો પૈસે દેકે મે તેરેકો મરવા દુંગા' તેવી ધમકી આપી હતી. ત્યારપછી અવારનવાર અલગ અલગ નંબર પરથી ફોન કરીને મેસેજ કરીને લગ્ન કરવા માંગતો હોવાનું કહીને ધમકી આપતો હતો.

**ચાર્જશીટમાં 7 બેન્કોના 200 જેટલા સ્ટેટમેન્ટ સામેલ, પુરાવા એકઠા કરવા પોલીસે ત્રણ મહિના પરસેવો પાડ્યો**

# દાહોદ નકલી કચેરી કૌભાંડની 3434 પાનાની ચાર્જશીટ દાખલ

**નકલી** બાબુઓએ અસલી કચેરીઓના અસલી બાબુઓ સાથે મળીને રોકડી કરવાની તરકીબ ઘડી હતી

**વિવિધ** બેંક એકાઉન્ટના ૨૦૦ જેટલા સ્ટેટમેન્ટ સહિત અન્ય દસ્તાવેજો પુરા પાડ્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.11

છોટાઉદેપુરમા નકલી કચેરી કૌભાંડનો પર્દાફાશ થયો હતો.તેની પ્રાથમિક તપાસ શરુ થતાની સાથે જ આ કૌભાંડનો રેલો દાહોદ સુધી પહોંચતા જિલ્લાના સરકારી તેમજ રાજકીય આલમમા ભૂકંપ આવ્યો હતો.કારણ કે છોટાઉદેપુરના જ ભેજાબાજોએ દાહોદ જિલ્લામા એક બે નહી પરંતુ એક સાથે 6 સિંચાઈ વિભાગની નકલી કચેરીઓ ખોલીને જે તે સમયે 100 કામો મંજૂર કરાવી 18.59 કરોડનું કૌભાંડ આચર્યુ હોવાનો ભંડાફોડ થયો હતો. જેની પોલીસ ફરિયાદ 10-11-2023ના રોજ નોંધાવાઈ હતી.નકલી કચેરીના નકલી બાબુઓએ અસલી કચેરીઓના અસલી બાબુઓ સાથે મળીને રોકડી કરી લેવાની એક પછી એક કડીઓ મળતા પોલીસે ધરપકડનો દોર શરુ કર્યો હતો.જેમાં 7 સરકારી બાબુઓ કે જેમાં પૂર્વ આઈએએસ ઓફિસર અને તત્કાલીન પ્રાયોજના વહીવટદાર તેમજ નાની સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરનો સમાવેશ થાય છે.

તેવી જ રીતે નકલી કચેરીઓના માસ્ટર માઈન્ડ સહિત અડધો ડઝન મળતિયાઓ પણ જેલની હવા ખાઈ રહ્યા છે.સૌથી પહેલી ધરપકડ નકલી ઈજનેર બનીને ખેલ પાડનાર સંદીપ રાજપૂતની થઈ હતી.પોલીસે જે તે સમયે 130 જેટલા બેન્ક એકાઉન્ટની તપાસ હાથ ધરી હતી અને તેમાંથી 70 જેટલા બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરવામા આવ્યા હતા અને લેવડ દેવડની તપાસ હાથ ધરવામા આવી હતી.

આવા વિવિધ બેન્ક એકાઉન્ટના 200 જેટલા સ્ટેટમેન્ટ સહિત અન્ય દસ્તાવેજી પુરાવા તેમજ અન્ય જવાબો મળી કુલ 3434 પાનાની ચાર્જશીટ દાહોદ પોલીસ દ્વારા કોર્ટમા દાખલ કરવામા આવી છે.હવે કોર્ટ કેસને બોર્ડ પર લાવશે ત્યારે સરકારી વકીલો અને આરોપીના વકીલો વચ્ચે દલીલો શરુ થશે.

**નકલી કચેરી કૌભાંડના કેસમાં સંડોવાયેલા આરોપીઓ**

- સરકારી બાબુઓ
- બી.ડી.નિનામા
- વિશ્વદીપસિંહ ગોહિલ(વોન્ટેડ)
- ઈશ્વર કોલચા
- મયુર પરમાર
- પ્રદીપ મોરી
- ગીરીશ પટેલ
- સતિષ પટેલ
- પુખરાજ રોઝ
- ભેજાબાજો
- અબુબકર સૈયદ
- સંદીપ રાજપૂત
- અંકિત સુથાર
- એઝાઝ સૈયદ
- ડો સેફઅલી સૈયદ
- નરોત્તમ પરમાર
- વસીમુદ્દીન સૈયદ(વોન્ટેડ)

**પિક્ચર અભી બાકી હૈ મેરે દોસ્ત**

દાહોદ પોલીસે ત્રણ મહિનાની તપાસના અંતે 3 હજાર કરતા વધારે પાનાની ચાર્જશીટ કોર્ટમા દાખલ કરી દીધી છે.જો કે એવી માહિતી પણ પ્રાપ્ત થઈ છે કે તપાસ પૂર્ણ કરવામા આવી નથી અને તપાસ આગળ ચાલુ જ રહેશે.જેથી કોઈ એમ મનમા મલકાતુ હોય કે ચાર્જશીટ થઈ ગઈ છે ને આપણે બચી ગયા તો એ ભુલ ભરેલુ પણ હોઈ શકે છે.

**કૌભાંડનુ કદ વધીને 25 કરોડ થયું**

દાહોદ જિલ્લામાં 6 નકલી કચેરીઓ ખોલીને જે તે સમયે 100જેટલા કામો મંજૂર કરાવ્યા હતા.તેના પેટે 18.59 કરોડ રુપિયાની સરકારી ગ્રાન્ટ મંજૂર કરાવી બોગસ કચેરીઓના ખાતામા જમા કરાવી લીધા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. ત્રણ મહિનામા પોલીસે જે તપાસ કરી તેમાં ભેજાબાજોએ 100 નહીં પરંતુ 121 કામો મંજૂર કરાવ્યા હતા.અને તેના પેટે રુ.25,66,77,651 રુની સરકારી ગ્રાન્ટ લીધી હોવાનો પર્દાફાશ થયો છેહવે કોર્ટ કેસને બોર્ડ પર લાવશે ત્યારે સરકારી વકીલો અને આરોપીના વકીલો વચ્ચે દલીલો શરુ થશે.

# રાજ્યમાં 4 હજારથી વધુ ગ્રાહકોની વિવિધ ફરિયાદોનો નિકાલ કરાયો

**માર્ચ-૨૦૨૪** સુધી ગ્રાહક જાગૃતિ અને સુરક્ષા એકમ તથા તેમાં સમાવિષ્ટ કન્ઝ્યુમર હેલ્પલાઇન નંબર દ્વારા ફરિયાદોનો નિકાલ કરાશે, ગ્રાહક જાગૃતિ માટે સ્કૂલ-કોલેજોમાં ક્લબની સ્થાપના

ગાંધીનગરઃ રાજ્ય સરકારે ગ્રાહકોની સુરક્ષા તથા તેમના અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવા માટે અનેકવિધ પગલાં ભર્યા છે. આ પગલા હેઠળ રાજ્યમાં ૪ હજારથી વધુ ગ્રાહકોની વિવિધ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર માર્ચ-૨૦૨૪ સુધી ગ્રાહક જાગૃતિ અને સુરક્ષા એકમ (CAPU) તથા તેની અંદર સમાવિષ્ટ કન્ઝ્યુમર હેલ્પલાઇન નંબર શરૂ કરવા જઈ રહી છે, જે થકી રાજ્યભરના ગ્રાહકોની ફરિયાદોનો ઉકેલ લાવવામાં આવશે.

રાજ્યની ગ્રાહક સુરક્ષા નિયામક કચેરી ગ્રાહકોના અધિકારોની સુરક્ષા તેમજ જાગૃતિ માટે વિવિધ સહાયકારી કામગીરી કરી રહી છે. આ કામગીરી હેઠળ ગ્રાહક સુરક્ષા નિયામકની કચેરી દ્વારા અત્યારસુધી ૧૧૨ જેટલી ગ્રાહક ફરિયાદોનું ઓફલાઇન નિરાકરણ કરવામાં આવ્યું છે, તેમજ ઈ-ગ્રામ પોર્ટલના માધ્યમથી આવેલ ૫૬૮ જેટલી ગ્રાહકોની ફરિયાદોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે.

ગ્રાહકોના હિત, રક્ષણ અને જાગૃતિ માટે પ્રદર્શન, સેમિનાર, શિબિરો યોજીને, તેમને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આ અંતર્ગત ગ્રાહક જાગૃતિનો ફેલાવો છેવાડાના માનવી સુધી પહોંચાડવા કુલ ૪૫૦૦ ગ્રાહક જાગૃતિ વિષયક રંગીન કેલેન્ડરની રાજ્યભરમાં ફાળવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, ગ્રાહક જાગૃતિ માટે સ્કૂલ-કોલેજોમાં ગ્રાહક ક્લબની સ્થાપના પણ કરવામાં આવી છે, જેમાં સંકલન એજન્સી તરીકે માન્ય ગ્રાહક મંડળ કામગીરી કરી રહ્યું છે. અત્યાર સુધી કુલ ૨૦૦૦ શાળા કન્ઝ્યુમર્સ ક્લબ તથા ૫૦૦ કોલેજ કન્ઝ્યુમર્સ ક્લબની રચના કરવામાં આવી છે. તેના માટે ક્લબ દીઠ રૂ.૧૦૦૦ની નાણા-સહાય સંકલન એજન્સી તરીકે નિમણૂંક કરેલ માન્ય મંડળને તેમજ રૂ.૪૦૦૦ની સહાય સંબંધિત શાળા/કોલેજને ફાળવવામાં આવી છે. દર વર્ષે ૨૦૦૦ ક્લબ માટે દરેક જિલ્લામાં શાળા-કોલેજ તેમજ મંડળોને આધારે રૂ.૧૨૫ લાખ ફાળવવામાં આવે છે.

રાજ્યમાં ગ્રાહકોના માર્ગદર્શન તથા તેમની ફરિયાદોના નિકાલમાં મદદરૂપ થવા માટે ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદ ખાતે ટોલ-ફ્રી સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પલાઇન નં-૧૮૦૦-૨૩૩-૦૨૨૨ કાર્યાન્વિત છે, જ્યાંથી ગ્રાહકો તેમની ફરિયાદો તથા તેના નિરાકરણ બાબતે માર્ગદર્શન મેળવે છે. આ હેલ્પલાઇન વડે અલગ-અલગ ક્ષેત્રોને લગતી અંદાજે ૪,૫૮૯ જેટલી ગ્રાહક સુરક્ષાની ફરિયાદો અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. આ કામગીરી માટે સીઈઆરસીને રૂ.૧૨ લાખની નાણા-સહાય ચૂકવવામાં આવે છે.

સરકાર માન્ય ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા અત્યારસુધીમાં ગ્રાહક અધિકારોની જાગૃતિ માટે ૨૧૮ શિબિર, ૩૩૮ સેમિનાર, ૯૧૨ માહિતી સેન્ટર અને ૩૩૫ ગ્રામ શેરીસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ, તેના પ્રચાર-પ્રસાર માટે, ૨,૧૮,૯૬૮ ગ્રાહક જાગૃતિ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૮૩,૦૧૬ મેગેઝીન, ૨,૨૫૬ પ્રેસનોટ પણ રીલીઝ કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં અંદાજે ૩,૨૭,૨૨૨ ગ્રાહકોએ લાભ લીધો હતો.

## અનુસંધાન

... પાના છેલ્લાનું

**7 વર્ષ...**

ભાતીગળ વસ્તુઓના ચાહકો માટે હસ્તકલાની વસ્તુઓના સ્ટોલ્સ પણ ઉપલબ્ધ હશે. બાળકોના મનોરંજન માટે વિશેષ આયોજન છે. બીચ ફેસ્ટિવલમાં આયોજનની બેઠકમાં ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી, નાયબ કલેકટર પાર્થ તલસાણીયા, ચોર્યાસી મામલતદાર નિરવ પારિતોષ, તાલુકા વિકાસ અધિકારી કિરણ પારધી, ચોર્યાસી તલાટી કમ મંત્રી, સર્કલ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. સુરતીઓ ફરવાની સાથે સુરતીઓ ખાણી-પીણીની પણ મોજ માણી શકશે.

**ફેસ વનમાં...**

પહેલાં દિવાળી વેકેશનમાં યોજાયેલા બીચ ફેસ્ટિવલનો મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. તે સમયે સુંવાલી બીચ સુધી જવાનો રસ્તો ઉબડ ખાબડ હતો. આ વખતે સુંવાલી બીચ સુધી પહોંચવા 7 કરોડના ખર્ચે 10 મીટર પહોંળો રસ્તો બનાવવામા આવ્યો છે. દિવાળીમાં 220 લાખના ખર્ચે રેસ્ટ હાઉસ બનાવવા માટે પણ મંજૂરી મળી છે. 25 લાખના ખર્ચે સહેલાણીઓ માટે શૌચાલય બનાવવામાં આવશે. બીચ સુધી જતાં રસ્તે બે દિવસ લાઈટિંગ થશે. આદિવાસી નૃત્ય કળા પણ રજૂ કરાશે.

**બેગમવાડીમાં આગ...**

કવાયતમાં લાગી ગયો હતો. ફાયર ઓફિસર જયદીપ ઈશરાનીએ જણાવ્યું હતું કે, શોર્ટસર્કિટના કારણે આગ ભભૂકી ઊઠી હતી, ફાયરની ટીમે એક કલાકની જહેમત ઉઠાવીને સતત પાણીનો મારો ચલાવીને આગને સંપૂર્ણ કાબૂમાં કરી લીધી હતી. અને ત્યારબાદ અગાસી ઉપર ફસાયેલા સાત શ્રમિકોને સહીસલામત રીતે નીચે ઉતારી લેતા તેઓએ રાહતનો શ્વાસ લીધો હતો. માર્કેટમાં એન્ટ્રી અને એક્ઝિટ માટે માત્ર એકજ દાદર હોવાને કારણે તેઓ નીચે ઉતરી શક્યા ન હતા અને તેઓ જીવ બચાવવા માટે ભાગીને અગાશી ઉપર જતા રહ્યા હતા.

















